# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref No. PN 2024-25/065 Dt. 22/08/2024

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા SEO Strategies for B2B Industry વિશે સેમિનાર યોજાયો

### બીટુબી ઈન્ડસ્ટ્રી SEO સ્ટ્રેટેજીસને કારણે બિઝનેસ વેબસાઈટ પર દર મહિને ૬૭ ટકા લીડ જનરેટ કરી રહી છેઃ ચેમ્બર પ્રમુખ શ્રી વિજય મેવાવાલા

### SEO સ્ટ્રેટેજીસનો ઉપયોગ કરતી B2B કંપનીઓ અન્ય ચેનલ કરતાં બે ગણા વધુ રેવન્યુ ઓર્ગેનિક સર્ચ મેળવે છેઃ iVipananના હેડ સીઈઓ સુશ્રી દિવ્યા મિસ્ત્રી

સુરતઃ ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા બુધવાર, તા. ૨૧ ઓગષ્ટ ૨૦૨૪ના રોજ સાંજે ૦૫:૩૦ કલાકે સેમિનાર હોલ-એ, સરસાણા, સુરત ખાતે બીટુબી ઈન્ડસ્ટ્રી માટે SEO સ્ટ્રેટેજીસ અંગે સેમિનાર યોજાયો હતો. જેમાં iVipananના હેડ સીઈઓ સુશ્રી દિવ્યા મિસ્ત્રીએ ઉદ્યોગ સાહસિકોને બીટુબી ઈન્ડસ્ટ્રી માટે ઉપયોગી SEO સ્ટ્રેટેજીસની વિસ્તૃત માહિતી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી વિજય મેવાવાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે, 'SEO સ્ટ્રેટેજીસ હવે ઈન્ડસ્ટ્રી માટે આશિર્વાદરૂપ સાબિત થઈ રહી છે. કારણ કે, કોઈ પણ ઉદ્યોગ-ધંધા

સંબંધિત ડેટા તથા તેનું એનાલિસીસ ગુગલ પર શોધીને મેળવી શકાય છે. એક અંદાજ મુજબ, બીટુબી ઈન્ડસ્ટ્રી SEO સ્ટ્રેટેજીસને કારણે બિઝનેસ વેબસાઈટ પર દર મહિને ૬૭ ટકા લીડ જનરેટ કરી રહ્યો છે. ગુગલ પર જે સર્ચ કરવામાં આવે છે તેમાં ૫૦ ટકા વોઈસ સર્ચનો સમાવેશ થઈ રહ્યો છે.'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'એક અગ્રણી બીટુબી કંપનીએ, SEO સ્ટ્રેટેજીસની મદદથી, તેના બિઝનેસ વેબસાઈટ પર વિવિધ પ્રોડક્ટના સર્ચ માટે બે વર્ષ દરમિયાન ૩૦૦ ટકાનો વધારો કર્યો છે. કોવિડ-૧૯ પછી તો ઘણા બિઝનેસમેનો અને વેપારીઓએ પોતાના બિઝનેસનું ૩૦ થી ૫૦ ટકા સુધી ડિજીટલાઈઝેશન કર્યું છે.'

સુશ્રી દિવ્યા મિસ્ત્રીએ જણાવ્યું હતું કે, 'હાલમાં ૮૯ ટકા બીટુબી રિસર્ચર્સ ઈન્ટરનેટનો અને ૯૦ ટકા બીટુબી કરતાં લોકો બિઝનેસ પરચેસ માટે પ્રાયમરી ટૂલ તરીકે SEO સ્ટ્રેટેજીસનો ઉપયોગ કરે છે. SEO સ્ટ્રેટેજીસનો ઉપયોગ કરતી બીટુબી કંપનીઓ અન્ય ચેનલ કરતાં બે ગણા વધુ રેવન્યુ ઓર્ગેનિક સર્ચ મેળવે છે. સામાન્ય રીતે ઉદ્યોગ સાહસિકો બીટુબી માર્કેટ પ્લેસેસ, ગવર્નમેન્ટ/પ્રાઈવેટ ટેન્ડર્સ અને એક્ઝિબિશન્સ/ટ્રેડ ફેર્સમાં માર્કેટીંગ ઈન્વેસ્ટમેન્ટ કરે છે. જ્યારે કંપનીની વેબસાઈટનું પ્રથમ પેજ અને યોગ્ય ડોમેઈનની પસંદગી સોશિયલ મીડિયા થકી બિઝનેસ મેળવવા માટે સૌથી મહત્વનું હોય છે,'

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, વેબસાઈટનું સ્ટ્રક્ચર, પ્રોડક્ટ એન્ડ સર્વિસ પેજ હેરાકી, SEO ફ્રેન્ડલી કન્ટેન્ટ, ટાઈટલ ટેગ્સ એન્ડ મેટા ડિસ્ક્રીપ્શન્સ, સ્ટ્રક્ચરર્ડ ડેટા માર્કઅપ (પ્રોડક્ટ પ્રમાણે), ઈન્ટર્નલ લિંકીંગ અને બ્લોગિંગ વેબસાઈટ વધુ ટ્રાફિક એકત્ર કરવામાં મદદ કરી શકે છે. બીટુબી SEO માટે સૌથી વધુ જરૂરી પ્રોડક્ટ્સ, સપ્લાયર્સ અને બાયર્સનું માર્કેટ રિસર્ચ, સર્ચ એન્જિન, ડોમેઈન, SEO ફ્રેન્ડલી વેબસાઈટ, કીવર્ડ ક્લસ્ટર અને તેનું ડિસ્ટ્રીબ્યુશન અને કન્ટેન્ટ સ્ટ્રેટેજી હોય છે.

સામાન્ય રીતે વેબસાઈટ પર કસ્ટમરને જરૂરી હોય તેવી તમામ પ્રકારની માહિતીને યોગ્ય નરેટિવ, કન્ટેન્ટ સ્ટ્રેટેજી અને યોગ્ય ડિઝાઈન સાથે રાખવું જોઈએ. કન્ટેન્ટ સ્ટ્રેટેજીમાં EEAT મોડલ એટલે Experience, Expertise, Trustworthiness અને Authoritativeness મહત્વનું હોય છે તેમ તેમણે વધુમાં જણાવ્યું હતું.

ચેમ્બરના તત્કાલિન પુર્વ પ્રમુખ શ્રી રમેશ વઘાસિયા, માનદ્ મંત્રી શ્રી નિરવ માંડલેવાલા, ગ્રૃપ ચેરમેન શ્રી બશીર મન્સુરી અને વિવિધ ક્ષેત્ર સાથે સંકળાયેલ ઉદ્યોગ સાહસિકો ઉપસ્થિત રહ્યા હતા. ચેમ્બરની ડિજીટલ માર્કેટીંગ કમિટીના ચેરમેન શ્રી ભૌતિક શાહે સેમિનારની રૂપરેખા આપી હતી, જ્યારે ડિજીટલ માર્કેટીંગ કમિટીના કો-ચેરમેન શ્રી મંથન મદ્રાસીએ સેમિનારનું સંચાલન કર્યું હતું અને વક્તાનો પરિચય આપ્યો હતો તથા ઉપસ્થિત સર્વેનો આભાર માન્યો હતો. વક્તા સુશ્રી દિવ્યા મિસ્ત્રીએ ઉદ્યોગ સાહસિકોના પ્રશ્નોના સંતોષકારક જવાબ આપ્યા હતા અને ત્યારબાદ સેમિનારનું સમાપન થયું હતું.